PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૨૧૮ તા. ૧૭/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ,
ખોડિયાર મંદીર ની પાછળ,,
ગામ: ગુંદાળા
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૪૨૯૫ ૬૭૬૬૮

**વિષય :–ખેતીવાડી વીજજોડાણ પુનઃ ચાલુ કરાવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૧/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ,ગામ: ગુંદાળા

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર અશોકભાઈ ગોરધનભાઈ દેસાઈ હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર : વી.જી.મારકણા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ પુન: ચાલુ કરાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના પિતા શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના નામના, ગામ: ગુંદાળા ના સર્વે નંબર : ૧૦ પૈકી ૧ મા આવેલ, કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૦૧/૦૦૯૮૨/૦ ને, તેઓ શ્રી એ, ખેતીવાડી વીજજોડાણમા રહેલ નિયમાધીન પ્રણાલી મુજબ, સીધીલીટી ના વારસદાર એવા તેઓ શ્રી ના ધર્મપત્ની શ્રી ના નામ પર, અગાઉ વર્ષો પહેલા ખરીદેલ એવી, ગામ: ગુંદાળા ના જ સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ ની ખેતીવાડી ની જમીન મા, નામ બદલી અને શીફટીગ સાથે ના પુન: જોડાણ ની અરજી પીજીવીસીએલ મા આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી સદર બાબતે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના પિતા શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના નામના, ગામ: ગુંદાળા ના સર્વે નંબર : ૧૦ પૈકી ૧ મા અગાઉ આવેલ અને કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૦૧/૦૦૯૮૨/૦ ને, અરજદાર શ્રી એ, તેમના પિતાશ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના સીધીલીટી ના વારસદાર એવા તેઓ શ્રી ના માતુશ્રી અને તેમના પિતાશ્રી ના ધર્મપત્ની શ્રીમતી શાંતાબેન ગોરધનભાઈ દેસાઈ ના નામ પર, અગાઉ વર્ષો પહેલા ખરીદેલ એવી, ગામ: ગુંદાળા ના જ સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ ની ખેતીવાડી ની જમીન મા, નામ બદલી અને શીફટીગ સાથે ના પુન: જોડાણ ની અરજી પીજીવીસીએલ મા રજુ કરેલ છે. પરંતુ,'' શીફટીગ અને પુન: જોડાણ ની માંગણીવાળી, ગામ: ગુંદાળા ના જમીન સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧, જેમા મુળ અરજદાર શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ની ભાગીદારી ન હોય,'' પીજીવીસીએલ મા પ્રવર્તમાન પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, માંગણી મુજબ ની જગ્યા પર શીફટીગ આપી શકાય નહી, તે મુજબ નો, ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ તરફથી, વિભાગીય કચેરી ગોંડલ ને, માર્ગદર્શક પત્ર નં.: આરઆરસી/રેવ/એજીપીડીસીઆરસી/૮૦૮૮ તા.૨૫–૧૦–૧૬ થી મળેલ હોય, જે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી ગ્રાહય રહેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ સબંધક અરજીઓ, કાયમી ધોરણે રદબાતલ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ની અરજીઓ મા, નામ બદલી / શીફટીગ / વીજભાર વધારા –ઘટાડા, વગેરે બાબતો ને આવરી લેતો, જીયુવીએનએલ નો માર્ગદર્શક પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩, પીજીવીસીએલ મા અમલવારીમા છે. ખાસ કરીને, ખેતીવાડી વીજજોડાણો ના કેઈસો મા, નામ બદલી / શીફટીગ / પુનઃ જોડાણ સમયે – મુળ ગ્રાહક અથવા તો તેમના સીધીલીટી ના વારસદારો – ની બાબત નુ કાયદાકીય અને વારસાઈ અંતર્ગત નુ નિયમાધીન મહત્વ, સદર પરીપત્ર મા રહેલ છે. સદર કેઈસ મા, મુળ અરજદાર શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ નુ, ગામઃ ગુંદાળા ના સર્વે નંબર : ૧૦ પૈકી ૧ મા, અગાઉ તા.૦૧–૦૫–૧૬ ના રોજ કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૦૧/૦૦૯૮૨/૦ ને, અરજદાર શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ એ, તેમના નામ પરથી, તેમના ધર્મપત્ની શ્રીમતી શાંતાબેન ગોરધનભાઈ દેસાઈ ના નામ પર આવેલ, અંગત નામે વર્ષ–૧૯૮૪ મા ખરીદેલ, ગામઃ ગુંદાળા ની ખેતીવાડી વીજજોડાણ ની જમીન સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ ( ૩ એકર – આશરે ૭ વિઘા) મા, નામ બદલી સાથે શીફટીગ ની જે અરજી પીજીવીસીએલ મા રજુ કરેલ છે તે અરજી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ, કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણો ને પુનઃ ચાલુ કરવા માટે ના નિયમોને અંતર્ગત ની મર્યાદા હેઠળ ની જ છે. જે, પીજીવીસીએલ કક્ષાએથી સ્વીકારવા યોગ્ય છે. |
| **૩.૨** | ઉપર મુજબ ના જીયુવીએનએલ ના માર્ગદર્શક પરીપત્ર ના,'' કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નુ પુનઃ જોડાણ '' ના મથાળા હેઠળ ના મુદદા નં. (૪) ના પેટા મુદદા મા કરાયેલ જોગવાઈ મુજબ '' કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણો, જે – તે વર્તુળ કચેરી ની હદમા આવતી જગ્યા પર, પુનઃ ચાલુ થઈ શકે છે. ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી પણ, વર્તુળ કચેરી ની હદમા આવતી જમીન ( મુળ જોડાણ વાળા ગામઃ ગુંદાળા ની જ જમીન) પર શીફટીગ મેળવવા માટે ની છે. જે નિયમાધીન સ્વીકારવા યોગ્ય છે. '' |
| **૩.૩** | તેમજ સદર નં. પરીપત્ર ના, '' કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નુ પુનઃ જોડાણ '' ના મથાળા હેઠળ ના મુદદા નં. (૩) ના પેટા મુદદા નં. (ગ)મા કરાયેલ જોગવાઈ મુજબ '' કાયમી ધોરણે રદબાતલ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ, જે મુળ અરજદાર શ્રી અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર ના નામે નામ બદલી સાથે પુનઃ ચાલુ થઈ શકે છે.'' ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી પણ, સીધીલીટી ના વારસાઈ અંતર્ગત ( પતિ શ્રી ના નામ થી ધર્મપત્ની શ્રી ના નામ પર– એટલેકે કાયદેસર ના સીધીલીટી ના પ્રથમ દરજ્જા ના વારસદાર ) નામ બદલી અને શીફટીગ મેળવવા માટે ની છે. જે નિયમાધીન સ્વીકારવા યોગ્ય છે. '' |
| **૩.૪** | તદ ઉપરાંત,સદર નં. પરીપત્ર ના, '' કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નુ પુનઃ જોડાણ '' ના મથાળા હેઠળ ના મુદદા નં.(૨) ના પેટા મુદદા '' પુનઃ જોડાણ વાળી જગ્યાએ ભાગીદાર / વારસદાર હોય તો રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર સંમતીપત્ર રજુ કરવાનુ રહેશે.'' પરંતુ, માંગણી મુજબ ની નામ બદલી અને શીફટીગ માટેનુ સ્થળ ( ગામઃ ગુંદાળા ની જમીન સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ – આશરે ૦૭ વિઘા), જે મુળ અરજદાર શ્રી ના ધર્મપત્ની શ્રીમતી શાંતાબેન ગોરધનભાઈ દેસાઈ ની અંગત માલીકી નુ છે. શ્રીમતી શાંતાબેન ગોરધનભાઈ દેસાઈ, જે મુળ ગ્રાહક શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના ધર્મપત્ની છે, અને તે મુજબ, શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના કાયદેસર ના સીધીલીટી ના પ્રથમ દરજ્જા ના વારસદાર છે. આમ, શીફટીગ અને પુનઃ જોડાણ ની માંગણી મુજબ નુ સ્થળ, જે મુળ અરજદાર શ્રી ના કાયદેસર ના સીધીલીટી ના વારસદાર ની અંગત માલીકી નુ છે. એટલેકે આ જમીન, સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ મા, સીધીલીટી ના વારસદાર સીવાય ના અન્ય કોઈ વધારાના સીધીલીટી ના વારસદાર / વારસદારો / અન્ય ત્રાહિત ખેડુતો ભાગીદાર નથી. આમ, માંગણી મુજબ નુ સ્થળ, જે મુળ સીધીલીટી ના વારસદાર ( મુળ ગ્રાહક ના ધર્મપત્ની શ્રીમતી શાંતાબેન ગોરધનભાઈ દેસાઈ) ની અંગત માલકી નુ છે, પરંતુ, ભાગીદારી વાળુ નથી. તેમજ, સદર સ્થળ એટલેકે, ગામઃ ગુંદાળા ની જમીન સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ – આશરે ૦૭ વિઘા જમીન, જે સદર સીધીલીટી ના વારસદારે, વર્ષ–૧૯૮૪ થી ખરીદેલ છે. એટલેકે, આ જમીન ખરીદીને પણ આશરે ૩૨ વર્ષ થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી પણ, સીધીલીટી ના વારસાઈ અંતર્ગત ( પતિ શ્રી ના નામ થી ધર્મપત્ની શ્રી ના નામ પર નામ બદલી અને સીધીલીટી ના વારસદાર ની અંગત માલીકી ની જમીન પર શીફટીગ મેળવી અને પુનઃ જોડાણ માટે ની ) ની છે. જે નિયમાધીન સ્વીકારવા યોગ્ય છે. '' |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | મુળ ગ્રાહક શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના તા.૦૧–૦૫–૧૬ ના રોજ કાયમી ધોરણે રદબાતલ થયેલ, એવા ગામઃ ગુંદાળા ખાતે ના જમીન સર્વે નંબર : ૧૦ પૈકી ૧ મા આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૦૧/૦૦૯૮૨/૦ ( ૧૨.૫ હોપા) ને, સવાલવાળા અરજદાર શ્રી એ, મુળ ગ્રાહક શ્રી ગોરધનભાઈ મુળજીભાઈ દેસાઈ ના નામ પરથી, તેમના સીધીલીટી ના વારસદાર ( પ્રથમ કક્ષાના કાયદેસર ના વારસદાર) એટલેકે ધર્મપત્ની ના નામ પર, અને મુળ સર્વે નંબર : ૧૦ પૈકી ૧ માથી, ધર્મપત્ની ના અંગત નામ પર આવેલ ગામઃ ગુંદાળા ની જ જમીન સર્વે નંબર : ૧૯૬ / ૧ પૈકી ૧ મા, નામ બદલી અને શીફટીંગ સાથે પુનઃ જોડાણ મેળવવા માટે ની, જે અરજી પીજીવીસીએલ મા રજુ કરેલ છે. તે અરજી, જે સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧,૩.૨,૩.૩ અને ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી નિયમાધીન બાબતો અંતર્ગત ની જ હોય, સ્વીકારવા યોગ્ય છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર અરજી ની, નામ બદલી સાથે શીફટીંગ અને પુનઃ જોડાણ ની મંજુરી અંતર્ગતની તમામ પ્રક્રીયાઓ, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા પૂર્ણ કરી, અને તે મુજબ, સદર જોડાણ ને નામ બદલી શીફટીંગ અને પુનઃ જોડાણ ને, સંપુર્ણ મંજુરી હેઠળ આવરી લેવાનો, આ સાથે, ખાસ કરીને પીજીવીસીએલ ની ગ્રામ્ય વર્તુળ કચેરી ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..